સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પંજાના ચોકમાં 'કમળ'નો ઝંડો ખોડી નાખે!
મહેનતથી બાંધી રાખેલા ઘોડા છોડી નાખે!
તોડાવી નાખે ઝંઝીર ગાંધીવાદી સિદ્ધાંતોની -
લ્યો! હવે એકાદ નહીં! પક્ષ આખો ફોડી નાખે!
(અરૂણાચલમાં અસ્ત)

હાઈકુ

પોલીસ બેડે -
ખાય છે માર શિસ્ત,
સોટી ને લાફા!
(મર્યાદા ઉલ્લંઘન)

- ને 'અચ્છે દિન'
થયું છંછુંદરની -
ગલે કી હડ્ડી
(પક્ષમાં અકળામણ)

ચિંતન

નાપૃષ્ઠ: કસ્ય ચિદ્ બ્રૂયાન્ન ચાન્યાનેન પૃચ્છત: ।
જાનન્નપિ મેધાવી જડવલ્લોક આચરેત ॥

ઘરમાં કે સમાજમાં તમારી કોઈ સલાહ માગે તો જ તમારે વિવેકપૂર્ણ ટૂંકમાં તમને જો સાચી ખબર હોય તો જ સલાહ-સૂચના આપવી કોઈના પૂછ્યા વિના કોઈને માર્ગદર્શન કે તેમના આયોજનમાં ચંચૂપાત કરવો નહીં.

ઘણીવાર ચતુર અને ખટપટી લોકો પોતાને જે નિર્ણય લેવો હોય એ ફેરવી તોડવી તમને પૂછી તમારા મૂખે તેનો જવાબ કઢાવે છે અને પછી જે-જેવું પરિણામ આવે - તે તમારા શિરે જવાબદારી નાખી, એમ કહે છે કે તમારા કહેવાથી આ નિર્ણય લીધો હતો આવા લોકો જયારે અભિપ્રાય માગે ત્યારે મૌન રહી જવાબ આપવામાંથી બચી જવું.

મને ખબર ન પડે - મને આ બાબત અનુભવ નથી - એમ કહી આચરણ કરવું.

સુવિચાર

- વિદ્યા સાધના એટલે પશુતા તરફ દોરી જનાર મનોવલણમાંથી મુક્તિ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- દરેક બાળકના ચિત્તમાં ભણવાનો ઉમંગ પેદા કરવો એ વધારે અગત્યનું છે - **જોન સ્ટુઅર્ટ**
- 'વિશ્વ વિદ્યાલય' એ બીજું કંઈ નથી પણ આયોજન અને વિકાસનું એક કેન્દ્ર છે - **ઈશ્વરલાલ દેસાઈ**
- કેળવણી અને ઘડતર એટલે માણસ નામના પ્રાણીને પ્રાણીમાંથી માણસ બનાવવાની કવાયત - **કૃષ્ણકાંત ઉનડકટ**
- સુવિચારની સૌરભ કદી નષ્ટ થતી નથી, વિચાર સનાતન છે - **રોહિત શાહ**
- માણસની ઉન્નતિ અને અવનતિનો આધાર એના જીવનમાં આવેલી આશાઓ અને નિરાશાઓ પર છે - **લિંકન**
- આજનું ઔષધ : બે તોલા આદુના રસમાં બે તોલા મધ મેળવી પીવાથી ઉધરસમાં તરત રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

મૌલાના અબુલ કલામ આઝાદ સ્વાતંત્ર્યની લડતમાં જેલમાં હતા - ત્યારે એમણે કુરાનનો અરબી ભાષામાંથી સરળ ઉર્દૂમાં અનુવાદ કર્યો.

ઘણાં ધનિકોએ એની પ્રત વાંચી અને સમજી ગયા કે આ અનુવાદ ખૂબ જ કિંમતી સિદ્ધ થશે તેથી પૈસા-ખર્ચ લઈને છાપવાનું અને પોતાને અર્પણ કરવાનું કલામ સાહેબને કહેણ મોકલતા હતા. પુસ્તક પ્રેસમાં હતું - ત્યાં કાબૂલથી એક ધર્મપ્રેમી પઠાણ ચાલતો આવ્યો. ચાલીસ રૂપિયા કલામ સાહેબના પગ પાસે મૂકી ઉર્દૂ કુરાનની પ્રત પોતાને આપવા વિનંતી કરી.

પુસ્તક પ્રેસનું હતું ચાર દિવસ પછી છપાઈને આવ્યું - મહેમાન તરીકે રાખેલા એ ધર્મપ્રેમી પઠાણને પહેલી પ્રત આપી વિદાય કર્યો.

પહેલું પૃષ્ઠ રસ્તામાં જ ખોલતાં પઠાણે વાંચ્યું - અર્પણ - એક અજાણ્યા ધર્મપ્રેમી મુસાફરને જે પઠાણકોટથી પગે ચાલી આ પુસ્તક મેળવવા કલકત્તા સુધી આવ્યો !

'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પાકિસ્તાન સાથેના સંબંધોનો ગ્રાફ રાવલપિંડી ખાતે પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફના ઘરે પહોંચી જઈ પારિવારિક સંબંધો સ્થાપિત થઈ ગયા હોવાની પ્રતીતિ કરાવવાથી માંડી છેલ્લે થયેલ ઉરી હુમલાના પ્રત્યાઘાત પર્યંત વિસ્તરે છે. હવે મોદી સાહેબને ખાતરી થઈ ગઈ છે કે પાકિસ્તાન એ પાકિસ્તાન છે. એની સાથે છાનગપતિયાં કરવાથી તો ઊલટાની એ કરામત ભારે પડી ગઈ. છેલ્લાં બે-અઢી વરસના ગાળામાં ભારતીય ઉપખંડની સરહદો સળગી રહી છે. કાશ્મીરનો પ્રશ્ન ફરી એક વાર કેન્દ્ર સ્થાને આવી ગયો છે. પાકિસ્તાન હવે કરેંગે યા મરેંગે - જેવી જીદ પર આવી ગયું છે. ભારત લાખ પુરાવા પહોંચાડે, પણ એથી પાકિસ્તાનને કોઈ ફરક નથી પડતો. પાક પ્રેરિત નહીં, પાક સર્જિત આતંકવાદની અમેરિકા, ચીન, રશિયા અને યુરોપ સહિત આખી દુનિયાને ખબર છે. પણ એ દેશોને ભારત પ્રત્યે એવો કોઈ પ્રેમ નથી ઊભરી જતો કે પાકિસ્તાનનો બહિષ્કાર કરીને ભારતને રાજી કરી દે. હકીકત તો એ છે કે અઢી વરસના મોદી શાસન દરમિયાન દેખાવ એવો થતો રહ્યો જાણે દુનિયા ભારતની પડખે આવીને ઊભી હોય. પરિસ્થિતિ એથી સાવ જ જુદી છે. ભારત વારંવાર પાકિસ્તાનને અલગ થલગ, એકલું - અટલું પાડી દેવાની ગુહાર લગાવતું રહ્યું છે. એથી વખત પૂરતું પાકિસ્તાન ઉઘાડું પણ પડ્યું છે, પણ છેલ્લે સ્મિત તો નવાઝ શરીફના જ ચહેરા પર ઝળકતું રહ્યું છે. કાશ્મીર, આઝાદ કાશ્મીર અને બલુચિસ્તાનના પ્રશ્નોમાં હાલ તો પાકિસ્તાનનો જ હાથ અદ્ધર રહ્યો છે. દુનિયાનો કોઈ દેશ બલુચિસ્તાન કે પાક અધિકૃત કાશ્મીરની બુમરાણ સાંભળવા નવરો નથી. ઊલટાનો પાકિસ્તાનને મુદ્દો મળી ગયો છે કે અમારા પ્રદેશોમાં ભારત ત્રાસવાદ ફેલાવી રહ્યું છે! બલુચિસ્તાનનો મુદ્દો ચગાવી પાકિસ્તાનની બોલતી બંધ કરી દેવાની વડાપ્રધાન મોદીની મુરાદ બર નથી આવી. ઊલટું એની પ્રતિક્રિયા સ્વરુપે ઉરી કેમ્પ પર હુમલો થયો છે જેમાં અનેક જવાનોએ જીવ ગુમાવ્યો છે. શું હવે આ હુમલાનો 'બદલો' લેવાની તૈયારી કરવા માટે ગૃહમંત્રી રાજનાથસિંહે એમની વિદેશયાત્રા અટકાવી છે? ઉરી પહોંચી જઈ

તંત્રીસ્થાનેથી...

સંરક્ષણમંત્રી મનોહર પારિકરે જવાનોને બદલો લેવા ઉશ્કેર્યા છે. તો શું ભારતીય દળો પાક અધિકૃત કાશ્મીરમાં ચલાવાઈ રહેલ આતંકના અડ્ડાઓ પર ત્રાટકીને ઈજ્જત બચાવવા માગે છે? પરંતુ એવું કંઈ પણ થશે તો પાકિસ્તાની સંરક્ષણમંત્રીએ તો ભારત પર સીધો જ પરમાણુ હુમલો કરવાની ધમકી આપી દીધી છે. ભારત આવી ધમકીઓ ક્યાં સુધી સહન કર્યા કરશે? આંતરરાષ્ટ્રીય ફલક પર ભારતની રજૂઆતને ગમે તેટલું મહત્ત્વ મળતું હોય તો પણ અમેરિકા, ચીન અને હવે તો ભારતનું જૂનું મિત્ર રશિયા પર પાકિસ્તાનને પંપાળવામાં એકમેક સાથે હરિફાઈમાં ઊતર્યા છે. ચીનનું સ્ટેન્ડ દુનિયા આખી જાણે છે. અમેરિકામાં ચૂંટણીઓ ચાલે છે અને ઓબામાને નામ જોગ 'બરાક' કહી બોલાવનારા મોદીને હવે પછી હિલેરી ક્લિન્ટન કે ટ્રમ્પ સાથે નવેસરથી મૈત્રી કેળવવી પડશે. ત્યાં સુધી પાકિસ્તાન સાથે અમેરિકાનાં થાબડભાણાં ચાલુ જ રહેશે. પાકિસ્તાન નહીં પણ હવે ભારત ખરેખર એકલું - અટૂલું પડી ગયું હોય, એવું નથી લાગતું?

હરિ ! હું તવ ચરણોની ધૂલી : સંત મોટાની મોટાઈ

પૂજ્ય મોટાએ જગતજનનીના ચરણકમળમાં વંદન કરી પ્રાર્થનાનો આર્તનાદ કરેલો છે. મંદાકાંતા છંદમાં લખાયેલી આ પ્રાર્થનાના શબ્દો તથા તેમાં રહેલી પ્રબળ ભાવના સંત શિરોમણી મોટાની આધ્યાત્મિક ઊંચાઈનો ખ્યાલ આપે છે.

ભરી દેજે મા ! તું અમ હૃદયમાં
ખંત, ઉત્સાહ જોમ,
વહેવા દેજે મા ! તુજ હૃદયની
શક્તિ સૌ રોમરોમ,
દ્રઢાવી દે પાકું અમ જીવનનું
ધ્યેય તારા મહી મા !
બધું રાગે પાડી ઠીક-અઠીકની
તું કરી દે વ્યવસ્થા.

જેને ઠીક-અઠીકની વ્યવસ્થા જગતજનની કરે છે તેવો દૃઢ વિશ્વાસ શ્વાસોશ્વાસની સાથે ધારણ કર્યો છે તેવા સંત હોય તેજ જીવનની છેલ્લી ક્ષણો પૂ. મોટા જેવી નિસ્પૃહી વૃત્તિથી વધાવી શકે. "આ શરીર હવે ઉપયોગી રહ્યું નથી એટલે દેહ છોડવો છે." એવો સંકલ્પ મોટા સહજ રીતેજ કરે છે. તેમની ઈચ્છા હોત તો અનેક નામાંકીત તબીબોને બોલાવીને સંતની સેવા કરવાનો લાભ ભાવિકોએ લીધો હોત. પરંતુ મોટા આગમના એંધાણ સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા. માતૃ સ્વરૂપા મહી નદીના કીનારે માત્ર છ વ્યક્તિઓની હાજરીમાં મોટાએ પોતાનું જીવનકાર્ય સંકેલી લીધું. મોટાની સ્પષ્ટ સૂચના ન હોત તો તેમની સ્મશાનયાત્રામાં સંતના અંતિમ દર્શન માટે વિશાળ સંખ્યામાં જનસમુદાય એકત્રિત થયો હોત. એક વિશાળ સમૂહની હાજરીમાં પૂ. મોટાના દેહની અંત્યેષ્ઠિ થઈ હોત. પૂ. મોટાને એ વાતની પ્રતિતિ હશે કે સમાજ પોતાના મહાન પુરુષોના કે આરાધ્ય દેવોના જીવન તથા મુત્યુના મહોત્સવો ઉજવવા હમેશા તૈયાર હોય છે. મહા માનવીઓના ઈંટ — ચૂના — આરસના સ્મૃતિધામો કે મંદિરો ઊભા કરવા પણ જનસમૂહ હમેશા ઉત્સુક રહે છે. સંતના જીવનની ઉત્તમ બાબતો જીવન વ્યવહારમાં ઉતારવા કરતા આવા ઉત્સવો યોજવાનું કામ વિશેષ સુલભ છે. કદાચ તેનાથી વધતા ઓછા અંશે સામાજિક પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ મોટા મૃતપ્રાય સમાજને બેઠો કરવાના તથા જનસમૂહમાં ચેતનાનો સંચાર કરવાના કામને વધારે મહત્વનું ગણતા હતા. આથી તેમના દેહાન્તની કે અંતિમ સંસ્કારની કોઈ વ્યાપક પ્રસિધ્ધિ હેતુસર ન કરવામાં આવી. પોતાની પાછળ કોઈ સ્મારક ઊભું કરવાની પણ સેવકોને મનાઈ કરી. દેહાન્ત પછી જે નાણાં મળે તેનો ઉપયોગ દૂર — સુદૂરની શાળાઓના ઓરડા બાંધવા માટેની વ્યવસ્થા મોટાની ઈચ્છા અનુસાર કરવામાં આવી. આવા ઉદાર તથા વૈચારીક સાધુત્વથી આપણે ધન્ય થયા છીએ. 'સ્નેહરશ્મિ' લખે છે :

ભર્યા ભર્યા ચઢીને ઢળી
વરસી વેળ અનંત
મુકત બની પાછા ફરે
કાં મેઘો કાં સન્ત.

પૂ. મોટાનો જન્મ સપ્ટેમ્બર-૧૮૯૮ માં સાવલી (જિ.વડોદરા)માં થયો હતો. તેમનું સંસારી નામ ચૂનીલાલ હતું. એક સદી પહેલા જગતમાં આવીને આ દ્રષ્ટિવાન સંત શ્રધ્ધા — ભક્તિ તથા વ્યવહારજીવનમાં નવા ચીલા પાડીને ગયા. સપ્ટેમ્બર માસમાં અનેક ભાવિકો મોટાની સ્મૃતિનો વિશેષ અનુભવ કરે છે. મોટા લોકહિતના કાર્યોનું એક બીજ વાવીને ગયા. હરિઓમ આશ્રમની પ્રવૃત્તિઓથી આવા કાર્યો વટવૃક્ષની જેમ ફાલ્યા, ફૂલ્યા અને વિસ્તર્યા છે. આવા કાર્યો થકી મોટા સર્વત્ર વિદ્યમાન છે. પ્રજાહીતના તથા જનકલ્યાણના થયેલા ઠોસ કામો એજ પૂજ્ય મોટાના ખરા સ્મારકો છે. ભીક્ષુ અખંડાનંદજી, મુનિ સંતબાલજી કે સ્વામી આનંદ જેવા સંતોએ પણ દુન્વયી કીર્તિનો સહેજ પણ મોહ રાખ્યા સિવાય લોકકલ્યાણના પાયાના કામોમાં યોગદાન આપેલું છે. પૂ. મોટા પણ આવા સાધુઓની હરોળમાં પોતાનું ઉજળું તથા અનોખું સ્થાન ધરાવે છે. મોટાને ગમતા એક ભજનમાં તેમના મનના ભાવ, નિર્મળતા તથા અસાધારણ નમ્રતાના દર્શન થાય છે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

હરિ હું ! તવ ચરણોની ધૂલી,
પતિતોમાં હું પતિત વડેરો,
કેમ શકું એ ભૂલી...

અનુસંધાન પાના નં. ૭ પર

તુ ખુદ કી ખોજ સે નીકલ, તુ કિસ લીયે હતાશ હૈ...

તુ ખુદ કી ખોજ મેં નીકલ
તુ કિસ લીયે હતાશ હૈ
તુ ચલ મેરે વજૂદ કી સમય કો ભી તલાશ હૈ
જો તુજસે લીપટી બેડીયાં સમઝ ના ઈનકો વસ્ત્ર તું,
યે બેડીયા પીઘાલ કે બનાલે ઈનકો શસ્ત્ર તું,
ચરિત્ર જબ પવિત્ર હૈ તો ક્યોં હૈ દશા યે તેરી
યે પાપીઓં કો હક નહીં કી લે સકે પરીક્ષા તેરી
જલા કે ભસ્મ કર ઉસે જો ક્રૂરતા કા જાલ હૈ...
તુ આરતી કી લૌ નહીં
તુ ક્રોધ કી મશાલ હૈં...
તું ખુંદ કી ખોજ મેં નીકલ
તું કીસ લિયે હતાશ હૈ
ચુનર ઉડા કે ધ્વજ બના ગગન ભી કપકપાયેગા
અગર તેરી ચુનર ગીરી તો એક ભૂકંપ આયેગા
તુ ખુદ કી ખોજ મે નીકલ
તું કીસ લીયે હતાશ હૈ...
તુ ચલ મેરે વજૂદ કી સમય કો ભી તલાશ હૈ...

ગઈકાલે બે ઘટનાઓ ઘટી, જેણે મનને આંદોલીત કરી દીધું... એક તો ગઈકાલે અમિતાભ બચ્ચનની ફિલ્મ 'પિંક' જોઈ, અને ટી.વી. પર આખો દિવસ ચાલતા ન્યૂઝ જોયા કે આપણા ૧૭ જવાન શહીદ થઈ ગયા...

લાગણીશીલ અને ભાવુક વ્યક્તિ તરીકે આપણો આ પ્લસ પોઈન્ટ છે કે નેગેટીવ એ તો આપણા સંપર્કમાં આવનાર બીજા વ્યક્તિઓ જ નક્કી કરી શકે છે... કે જયારે-જયારે આવી કોઈ ઘટના જોઈએ સાંભળીએ ત્યારે આપણું મન-મસ્તિષ્ક-હૃદય કાર્ડીયોગ્રામના એરોની જેમ ઉપર-નીચે થવા લાગે છે.

ઉપરોક્ત કવિતા 'પિંક' ફિલ્મના અંતમાં અમિતાભ બચ્ચનના ઘટ્ટ અવાજમાં સાંભળવા મળે છે... તાજેતરમાં અમિતાભની તેમની પૌત્રી અને દોહિત્રીને લખેલો પત્ર એ આ ફિલ્મના ભાગ બનવાના કારણે જ શ્રી બચ્ચનજીને સૂઝી છે... તે વાત ફિલ્મ અનુભવવાથી થાય છે...

'પિંક' ફિલ્મ જોવાની નહીં અનુભવવાની છે... આ ફિલ્મ સમાજના દરેક વ્યક્તિને એક લપડાક મારીને ભાન કરાવે છે કે... આપણે હજી કયાં છીએ.

ફિલ્મોનો વિષય વીમેનની મોડેસ્ટીનો છે, એક વુમનના કેરેકટરને સોસાયટી કેટલા ગંદા, કેટલા જુદ્દા માપદંડોથી પ્રમાણે છે, તેવી થીમ છે.

શ્રી સૌરભ શાહે પોતાના લેખમાં ઉલ્લેખ કરેલ લાઈન... જેને બચ્ચન સાહેબે જ એક સમયે 'બોફોર્સ' કેસની ખોટી સંડોવણી વખતે 'ઈલસ્ટ્રેટેડ વીકલી' માટે લખેલા લખી હતી... જહોન ડ્રાયસનના ફેમસ શબ્દો ક્વોટ કર્યા હતા : 'Bevere the Fury Patient man.'

શાંત સ્વભાવનો માણસ જયારે ગુસ્સે થાય છે ત્યારે... તેના કોપથી ભગવાન પણ નથી બચાવી શકતો...

Anyways 'પિંક' રિવ્યુ કરવાનો કે તેની સ્ટારકાસ્ટ, સ્ટોરી, ડાયરેકટર, મ્યુઝિક વગેરે જણાવવાનો કોઈ ઈરાદો નથી... એ બધું તો તમે ગૂગલ પરથી સર્ચ કરી જ લેશો...

વાત કરવી છે... આપણા દોગલાપણાની, આપણી ડબલ સ્ટાન્ડર્ડ મેન્ટાલીટીની...

'નારી તું નારાયણી', 'દીકરી ઘરનું જયોત' વગેરે વગેરે સુંદર વાક્યોથી નિબંધમાં કે લેખમાં લખાણ સારું કરવું... અને ખરેખર આવા વાક્યોને જીવવા આ બે અલગ વાત છે...

હમણાં નવરાત્રી આવશે, ત્યારે ભાઈ-બહેન બંને પોતાના સર્કલ સાતે ગરબા રમવા જતા હશે, અને જલ્દી આવવાની સૂચના, ધ્યાન રાખીને જવાની સૂચના છોકરીઓને જેટલી મળે રાખે છે, તેટલી છોકરાને કયારેય આપી છે!

પી.વી. સંધુ કે સાક્ષી મલિક મેડલ લઈ આવે ત્યારે તેમના પર પુરસ્કારોની વર્ષા કરી દેનારો આપણો સમાજ હજી સ્પોર્ટ્સમાં છોકરીઓને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરતો ઓછો જોવા મળે છે.

સેક્સ અને વર્જીનીટી જેવા શબ્દો આવે એટલે નાકના ટીચકા ચડાવી લેનારો દંભી વ્યક્તિ ઑફિસમાં, મૉલમાં કે માર્ગ પર અસંખ્ય વાર આંખોથી બળાત્કાર કરવામાં ક્ષોભ અનુભવતો નથી...

કોઈ પણ છોકરી કે સ્ત્રી વિશેનું કેરેકટરનું સર્ટીફીકેટ આપી દેવામાં પારવધા એવા આપણા શિક્ષિત સમાજના શિખંડીઓ ખરેખર તો પોતાની અપરાધવૃત્તિ છુપાવતા હોય છે...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

સ્કૂલમાં, કૉલેજમાં કે ઑફિસમાં કોઈ સુદર છોકરી કે સ્ત્રી જયારે આવા શિખંડીઓની પહોંચની બહાર હોય એટલે તરત જ એવી કમેન્ટ કરવા લાગે છે કે, જવા દે ને યાર. એનું તો કેરેકટર જ આવું છે...

સઈ પરંજપેની શુદ્ધ અને સાફસૂથરી ફિલ્મ - 'ચશ્મે-બદ્દૂર' યાદ આવે છે! જયારે દિપ્તી નવલના ચારિત્ર્યને રાકેશ બેદી અને રવિ વાસવાણી ગંદુ ચીતરી મારે છે... અને તે પણ માત્ર એટલા માટે કે તેમની દિપ્તી નવલને પામવાની ઓકાત નહોતી...

મનનો આ સડો, ડ્યુઅલ પેરામીટર્સ જયારે કોરાણે મૂકશું ત્યારે જ આપણને 'નારી તું નારાયણી' બોલવાનો હક્ક છે.

બાકી 'પિંક'ની જેમ પહેલા પણ 'અસ્તિત્વ', 'ચાંદની બાર', 'ચમેલી'... જેવી ફિલ્મો આવી હતી.. અને સફળ પણ થઈ હતી... પરંતુ માત્ર ક્રિટીક્સ જ આ ફિલ્મોને વખાણીને બેસી ગયા હતા...

આમ જનતા માટેની આ ફિલ્મો નથી. એવું ઠોકી બેસાડવામાં આવ્યું હતું... ઈદ વખતે સલમાન ભાઈની બોગસ મસાલા ફિલ્મ પણ ૨૦૦-૩૦૦ કરોડને પાર થઈ જતી હોય છે. બમ્પર હિટ થતી હોય છે.

'પિંક'માં એવું થશે... શું સ્ત્રીને સમોવડીયાપણું આપવું એવી વાત દર્શાવતી ફિલ્મ માત્ર 'કલાસ' માટે જ હોઈ શકે! 'માસ' માટે નહીં...

જેણે પોતાના અસ્તિત્વમાંથી આપણને અવતર્યા છે તે સ્ત્રી - ને પણ જો આપણે સન્માન આપતા હોઈએ તો આ ફિલ્મને જોઈને અનુભવીને જીવી લઈએ...

- jayuoza@gmail.com, Mo. 9898046488

ધર્મ કે અધ્યાત્મ એ વકતવ્યનો નહીં પરંતુ રોજિંદા જીવનમાં આચરણમાં મુકવાનો વિષય છે

'આવો, તમને મારા પારિવારિક મિત્રનો પરિચય કરાવું... એ માનતા બહુ રાખે છે.' હાર્દિક જોષીએ કહ્યું ત્યાં સુધી બહુ નવાઈની વાત ન હતી. પરંતુ આગળ વધીને જયારે એણે કહ્યું કે 'એમની માનતા બીજા લોકોના આનંદ કે સુખ-સુવિધાની પ્રાપ્તિ માટેની હોય છે.' ત્યારે એ મિત્ર વિશે જાણકારી મેળવવામાં રસ પડ્યો.

નામ ચેતન સોની. માતા કોકિલાબેન અને પિતા બંસીલાલના પરિવારમાં આ દીકરો અને એક દીકરીનો હસતો રમતો પરિવાર.

એ બાળપણનો સમય વીત્યો પોળની સંસ્કૃતિમાં. અમદાવાદ શહેર આજે અધધદ કહી શકાય એવું ચારે બાજુ વિકસી ગયું છે. પરંતુ પુરાતન સમયની પોળની સંસ્કૃતિ અને સભ્યતા હજી એ વિસ્તારોમાં એવા જ સચવાયા છે. પોળના લોકોના પરિવારો વચ્ચેનો ભોજનનો વાટકી વહેવાર -તહેવારોની સામુહિક ઉજવણી, દેવદર્શનો અને સત્સંગનો મહિમા આજેય અહીં ધબકે છે. એવી જ એક જાણીતી પોલ એટલે નાનશા જીવણની પોળ, અહીં ચેતનનું બાળપણ વીત્યું. બાળ ગોઠિયાઓ સાતે ધમાલ-મસ્તી અને મમ્મી-પપ્પાનું વહાલ, એમાં કિશોરાવસ્થા આવી ગઈ. પછીથી માંડવીની પોળ અને શેઠની પોળમાં પણ રહેવાનું થયું. પ્રાથમિક અને હાઈસ્કૂલનું શિક્ષણ ઉત્તમ રીતે પુરું થયું. આગળ જતાં કોમ્પ્યુટર અને મેનેજમેન્ટ ક્ષેત્રે અભ્યાસમાં વધુ રસ પડ્યો અને ચેતને ડિપ્લોમા ઈન સોફ્ટવેર મેનેજમેન્ટનો અભ્યાસ પૂર્ણ કર્યો. બાળપણથી પરિવારમાં ધાર્મિક વાતાવરણ એટલે ધાર્મિક ઉત્સવોની ઉજવણીમાં એ ભાગ લેતો અને પરિણામે હૈયામાં શિવ અને શક્તિ બંને સ્વરુપો માટેની શ્રદ્ધા જાગેલી. પરિવારના કુળદેવી બહુચરાજી માતા. કોઈને કોઈ અવસરે મહેસાણા જિલ્લામાં આવેલ બહુચરાજી માતાના સ્થાનકે દર્શને જવાનું થતું અને આ શ્રદ્ધા વધુ મજબુત બનતી ગઈ.

પરણવાની ઉંમર થઈ અને સમાજમાંથી માગા આવતા થયા અને નુપુર નામની સંસ્કારી પત્ની એને મળી જેના થકી એક દીકરો પરિવારમાં આવ્યો જેનું નામ હતું હેત.

અત્યારે ચેતન અમદાવાદની એક પ્રતિષ્ઠિત કંપનીમાં જનરલ મેનેજરના હોદ્દાને શોભાવી રહ્યો છે એના હાથ નીચે ૨૦૦-૨૫૦ જણા કામ કરે છે. દીકરો હેત પાઈલોટનો અભ્યાસ કરવા યુએસએ ગયો છે. વાચકને થશે આમાં પેલી માનતા વાલી વાત કયાં આવી?

થયું એવું કે એના એક મિત્રના જીવનમાં એક મોટો પ્રોબ્લેમ આવ્યો, એના ઉકેલ માટે ચેતને માતાજીનું શરણું લીધું. તે પ્રશ્નનો ઉકેલ આવે તો બહુચરાજી માતાજીનું શરણું લઈ દર્શનની માનતા માની. અને કામ થઈ ગયું. બસ ત્યારથી એની શ્રદ્ધા વધી ગઈ એણે દર પુનમના દિવસે બહુચરાજી તીર્થ ક્ષેત્રમાં જઈને દર્શન કરવાનું શરું કર્યું.

આજે એ વાતને દસ વર્ષ થઈ ગયા છે. એની સાથે માતાજીના દર્શન જનારા એના મિત્રોની સંખ્યા વધી ગઈ છે. ૨૦-૨૫ ભક્તો સહેજે થઈ જાય. તમામની ગાડીઓ અમદાવાદથી આવે ત્યાં સુધીનો પેટ્રોલ કે ડિઝલ સહિતનો તમામ ખર્ચો ચેતન ઊઠાવે છે. એ કહે છે કે 'માતાજીએ મને પ્રેરણા આપી છે અને હું આ કાર્યમાં નિમિત્ત બની રહ્યો છું.'

એક દિવસ વિચાર આવ્યો કે એ પોતે પ્રવાસન કે ધાર્મિક સ્થળોએ બહુ ઓછું ફર્યા છે તો ચાલે હવે જાગ્યા ત્યારથી સવાર.... એક નવો વિચાર કે માત્ર હું જ ફરવા જાઉં એમ નહિ મિત્રોને - પરિવારજનોને સિનિયર સિટીઝન્સને ફેરવીએ - એમને ધાર્મિક સ્થળોના દર્શન કરાવીએ.

આરંભ કર્યો ૨૦૦૭માં સૌથી પહેલા ૩૦ મિત્રોને લઈને ડાકોરમાં રણછોડ રાયના દર્શન કરાવીને... અને પછી સિલસિલો ધીમે ધીમે આગળ વધતો ગયો અને સ્વજનો - પ્રિયજનો - મિત્રો જોડાતા ગયા. અંબાજી - શ્રીનાથજી - સોમનાથના દર્શન વડીલોને અને મિત્રોને કરાવ્યા. વ્યવસ્થામાં એના મિત્રો હાર્દિક જોષી - જીગર - હાર્દિક સોની - મનીષ તથા અન્ય સાથ આપે... કોઈએ એક રૂપિયાનો ખર્ચ કરવાનો નહિ... અરે એકવાર તો ૯૦ વ્યક્તિઓની ૧૦ દિવસની હરિદ્વાર અને અન્ય સ્થળોના દર્શનની ટૂર પર ગોઠવી. કયારેક એવું બને કે એ વ્યાવસાયિક જવાબદારીમાં અટવાય તો એના મિત્રો યાત્રા થાય થાય ને થાય જ.

બહુ સરસ દેખાતા પરંતુ વાસ્તવમાં અઘરા એવા આ કાર્યમાં એને એની પત્ની નુપુરનો સાચા હૃદયનો સાથ અને હૂંફ મળ્યા છે.

ચેતન માને છે કે મને આનંદ આવે એવી રીતે મારે જીવવું છે અને આ રીતે મિત્રો કે પ્રિયજનોના પ્રેમમાં, એમના રાજીપામાં મને સતત નવું કરવાની અને પોઝીટીવીટીથી જીવવાની - માનવતાના ધર્મને જીવવાની સતત પ્રેરણા મળે છે!!

અજવાળું - અજવાળું
તુષાર જોશી

બીજાના આનંદ માટે માનતા માનીને પોતાની શ્રદ્ધા અને ભક્તિનું બળ વધારી રહેલા ચેતન સોનીને શુભકામનાઓ.

એકવીસમી સદીના અર્થોપાર્જનના સમયમાં રૂપિયા રળવાની સહુની દોટ હોય એ સમજી શકાય છે પરંતુ એની સાથે સાથે પોતાની શક્તિ મુજબ બીજાના આનંદ માટે - પરમાર્થ માટે જયારે રૂપિયા ખર્ચાય ત્યારે એ સમાચાર આનંદ આપનારા બની રહે છે. પૈસાનું નહિ લક્ષ્મીનું સ્વરુપ આવા પ્રસંગોમાં સાહજિકરુપે પ્રગટ થાય છે.

ધર્મ કે અધ્યાત્મ એ વકતવ્યનો નહીં પરંતુ રોજિંદા જીવનમાં આચરણમાં મુકવાનો વિષય છે. બીજાના માટે - બીજાના રાજીપા માટે ખર્ચેલા રૂપિયા અને સમયનું મૂલ્ય જ ન આંકી શકાય. એ તો જેમણે અનુભવ કર્યો હોય એ જ એનો આનંદ જાણી શકે.

પરિવારના સભ્યોને લઈને પ્રવાસ કરવો જ જોઈએ પરંતુ જયારે જેમની સાથે કોઈ સગવડ નથી એવા લોકોને ધાર્મિક સ્થાનોના દર્શન કોઈ વ્યક્તિ પોતે ખર્ચ કરીને કરાવે ત્યારે એ અભિનંદનનો અધિકારી બની છે અને તેના પ્રત્યેક આવા કાર્યમાંથી ધર્મની સાચી સમજણના અજવાળા રેલાય છે.

શ્રાદ્ધ પક્ષના દિવસોમાં આવું સ-રસ જીવનારા મિત્રોને જોઈને વિશેષ આનંદ થાય. માતા-પિતા અથવા એમની સમાન ઉંમરના વડિલો સાથે પ્રેમાળ વ્યવહાર થાય, એમને ગમતા શ્રદ્ધેય સ્થાનોની યાત્રા કરાવાય ત્યારે અનાયાસ એમના આશીર્વાદ મળે છે અને ફળે પણ છે.

જીવંત વ્યક્તિનું શરીર નાશ પામે અને એ તસ્વીર થઈ જાય એના પછી એના પ્રત્યે પૂજ્ય ભાવ દાખવવાનો સમય આવે એના કરતા એ વ્યક્તિ કે વડિલ જીવંત હોય ત્યારે એના પ્રત્ય પ્રેમભાવ રાખીને એ જ વર્તમાન સમયની માંગ છે આવું દેખાય ત્યારે વાત્સલ્યના અજવાળા રેલાય છે.

તેજપુંજ :

માત-પિતાના ચરણોમાં છે
અડસઠ તીરથ ધામ
મારે નથી જાવું તીરથ ધામ.